૫૫૫૦

ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ફાંગિયા
તા.દેવગઢબારીયા, જિ. દાહોદની માન્યતા
બાબત..

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :અમશ/૧૫૦૫/ન.બા.૩/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૧૧/૦૧/૨૦૦૮

વંચાણે લીધા :-

૧. આજિાતિ વિકાસ વિભાગના તા:૨૫/૫/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક:અમશ/૧૫૦૫/ન.બા.૩/ઘ

૨. આજિાતિ વિકાસ વિભાગના તા:૨૮/૬/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક:અમશ/૧૫૦૫/ન.બા.૩

ઠ રા વ :-

વિભાગના આમુખ ક્રમાંક:(૧) માં જણાવેલ તા:૨૫/૫/૨૦૦૭ના ઠરાવ થી જયશ્રી બાબારામદેવ ચેરીટેબલ ટ્રસ્ટ ઝાપટીયા,પો. સેવાનીયા , તા. દેવગઢબારીયા,જિ. દાહોદને અનુસૂચિત જનજાતિના બાળકો માટે ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ફાંગિયા, તા.દેવગઢબારીયાની મંજુરી આપવામાં આવેલ.

દરમ્યાન સંસ્થા વિરૂધ્ધ ફરિયાદ મળતાં વિચારણાના અંતે આમુખ ક્રમાંક(૨) માં જણાવેલ તા:૨૮/૬/૨૦૦૭ના ઠરાવથી સદર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની માન્યતા સ્થગિત કરવામાં આવેલ.

આ હુકમો સામે અન્ય સંસ્થાએ દાખલ કરેલ કેસમાં નામદાર વડી અદાલતે આપેલ આદેશ અનુસાર સદર સંસ્થાને તા:૨/૯/૨૦૦૭ના રોજ રૂબરૂ સાંભળી રજૂ કરેલ હકીકતો અને પુરાવાના આધારે પુખ્ત વિચારણાના અંતે ઉત્તર બુનિયાદી આશ્રમશાળા,ફાંગિયા,તા. દેવગઢબારીયા જિ. દાહોદની માન્યતા આથી ચાલુ રાખવામાં આવે છે

ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ/ ગાંધીનગર
નિયામકશ્રી હિસાબ અને તિજોરી અધિકારી, ગાંધીનગર
પ્રમુખશ્રી / મંત્રીશ્રી સંબંધિત સંસ્થા
સંબંધિત આશ્રમશાળા અધિકારીશ્રી તરફ
સંબંધિત જિલ્લા તિજોરી અધિકારી, હિંમતનગર/ દાહોદ
સર્વે તકેદારી અધિકારીશ્રી (આ.વિ )
સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.
અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ,
સિલેકટ ફાઈલ.

RAVAL-AMS-1505-NBA-3-GH-108